# ઉંમર કે ફરી ક્ષમતા પર પણ કેન્દ્રિત છે કાયદો?

## પેચીદું... જટિલ સામાજિક, આર્થિક સ્થિતિમાં બાળવિવાહ સાથે સંકળાયેલા કાયદાને કન્યાઓની નજરથી પણ જુઓ




**મધુ મહેરા**

એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર,
પાર્ટનર ફોર લો ઈન ડેવલપમેન્ટ


મહિલા અને બાળવિકાસ મંત્રાલય ઓછી વયમાં થયેલા લગ્નને શૂન્ય જાહેર કરવાનું વિચારી રહ્યું છે. તેની સાથે જ છોકરાઓ માટે લગ્નની કાનૂની વય 21થી ઘટાડી 18 વર્ષ કરવાની પણ યોજના છે. એક સમયે બાળલગ્નને માત્ર સામાજિક કુરીતિની નજરે જોવાતા હતા. પણ આજે બાળલગ્નની લડાઈ લૈંગિક સમાનતા, મૌલિક અધિકાર અને વિકાસનો મુદ્દો છે. આ મુદ્દો કિશોર-કિશોરીઓના માનવ અધિકારો પર આધારિત છે. મોટો સવાલ એ નથી કે કેટલી જલ્દી અને કડકાઈથી ઓછી વયના લગ્ન રદ કરવામાં આવે. સવાલ એ છે કે છોકરીઓને એવી તક અને વાતાવરણ ઉપલબ્ધ હોય કે જેથી તેને લગ્ન માટે તૈયાર કરી શકાય નહીં. દરેક બાળ સંરક્ષણ કાયદો યુવક અને યુવતીઓના હિત, ક્ષમતાની સાથે તેના અંગત નિર્ણય લેવાની શક્તિનો આદર કરે છે. માત્ર બાળવિવાહના આંકડા ઓછા કરવાથી છોકરીઓ માટે નવી અને પ્રગતિશીલ તક પેદા નહીં થાય. ચોથા નેશનલ ફેમીલી હેલ્થ સર્વે મુજબ 18 વર્ષ પહેલા થયેલા લગ્નની સંખ્યામાં ઘણો ઘટાડો નોંધાયો છે. આજે ભારતમાં વધુ સંખ્યામાં છોકરીઓ શિક્ષણ પ્રાપ્ત કરવામાં અનેક લગ્નની વય વધી હોવા છતાં લગ્ન છોકરીઓ માટે આર્થિક જરૂરિયાત અને સામાજિક સ્વીકૃતી તથા પ્રતિષ્ઠા માટે અનિવાર્ય બનીગયા છે. વધતા શિક્ષણ છતાં રોજગારમાં મહિલાની હાજરી વધવાને બદલે ઘટી છે. ગ્રામીણ વિસ્તારમાં મહિલાઓની ભાગીદારી મજૂરીમાં ઘટી છે. આ કારણે લગ્ન છોકરીઓ માટે આર્થિક જરૂરિયાત બની જાય છે. પરંતુ છોકરીઓનો ઘણો સમય નાની વયથી માતાપિતાના ઘરે અને પછી સાસરામાં ઘરના કામ તથા દેખભાળમાં કમરતોડ મહેનત કરવામાં વીતે છે. તેની કોઈ ગણતરી કે કમાણી હોતી નથી. આ જવાબદારીને કારણે ગરીબ છોકરીઓને ઘણીવાર અડધેથી ભણવાનું છોડી દેવું પડે છે. આ પરિસ્થિતિમાં લગ્નને જલદી વયસ્ક થવાના પરિબળ તરીકે જોવાય છે.આ જટિલ સામાજિક, આર્થિક સ્થિતિ વચ્ચે બાળવિવાહ અને બાળ સંરક્ષણ કાયદા સાથે સંકળાયેલા કેટલાક સવાલોની ચર્ચા જરૂરી છે. શું બાળવિવાહને શૂન્ય જાહેર કરવા અને લગ્ન કરાવનારા પરિવારોને સજા આપવાની જોગવાઈ છોકરીઓના હિતમાં હશે? તેને સમજવા માટે કાયદો શું કહે છે, તેનો ઉપયોગ કોણ અને કયા કારણે કરે છે તે જાણવું પડે. બાળવિવાહ નિષેધ અધિનિયમ 2006 હેઠળ લગ્નની લઘુત્તમ વય નક્કી કરાઈ છે. આ ઉપરાંત આ કાયદો બાળવિવાહ નિષેધ અધિકારીની પણ નિમણૂકની જોગવાઈ આપે છે. તેનું કામ ઓછી વયના લગ્ન અટકાવવા અથવા રદ કરવાનું હોય છે. હાલમાં લગ્નની લઘુત્તમ વય છોકરીઓ માટે 18 વર્ષ અને છોકરાઓ માટે 21 વર્ષ છે. પાર્ટનર ફોર લૉ ઈન ડેવલપમેન્ટના બાળવિવાહ નિષેધ અધિનિયમ અંગેના સંશોધન મુજબ આ કાયદો મોટાભાગે માતા-પિતા દ્વારા પુત્રીઓની પોતે કરેલી પસંદગી દ્વારા કરેલા લગ્ન વિરુદ્ધ કેસ નોંધાવવામાં ઉપયોગમાં લેવાય છે. તેમાં છોકરીના પતિ વિરુદ્ધ ગુનાહિત કાર્યવાહી પણ થાય છે. સંશોધનમાં સામેલ 83 કેસમાંથી 65 ટકા માતા-પિતાએ પુત્રીની પસંદગીના લગ્ન વિરુદ્ધ કેસ કર્યા હતા. જ્યારે માત્ર 35 ટકા કેસ માતા-પિતા દ્વારા જબરજસ્તીથી લગ્ન કરાવવા અંગેના હતા. બાળવિવાહ નિષેધ અધિકારીની પહેલ પર દાખલ થનારા કેસની સંખ્યા નામની છે. તેમાં છોકરીના માતા-પિતાએ તેના પતિ વિરુદ્ધ અપહરણ, દુષ્કર્મ અને બાળશોષણનો આક્ષેપ કર્યો હતો. તેમાં પોક્સોનો હવાલો પણ અપાયો હતો.

2012માં પોક્સોના અધિનિયમની સાથે સંમતિથી શારીરિક સંબંધ બાંધવાની વય 16થી વધારી 18 કરાઈ છે. જે લગ્નની કાનૂની વય જેટલી થઈ ગઈ છે. પરિણામે 18 વર્ષથી ઓછી વયની સગીર છોકરી સાથે સમાન વયના પતિએ સંમતિથી કરેલા શારીરિક સંબંધને પણ દુષ્કર્મ ગણવામાં આવે છે. આ કાયદો શારીરિક, મનોવૈજ્ઞાનિક અને લાગણીના સ્તરે નાના બાળકો તથા કિશોરોમાં કોઈ ફરક જોતો નથી. પરિણામે બાળવિવાહ અને પોક્સો કાયદો યુવા પ્રેમીઓ પર દબાણ અને દમન માટે વપરાય છે. બાળવિવાહના ઉલ્લંઘન માટે 2 વર્ષની સજાની જોગવાઈ છે. જે પોક્સો સાથે વધીને લઘુત્તમ 10 વર્ષની થઈ જાય છે. કાયદાની વયથી ઓછી વયે કરાતાં લગ્નમાં પરિવાર દ્વારા નક્કી કરાયેલા કે ફરજિયાત લગ્ન વિશેષ હોય છે. પણ અફસોસ એ વાતનો છે કે કાયદો હોવા છતાં તેના પર કોઈ કાર્યવાહી થઈ શકતી નથી. છોકરીઓ બાળવિવાહ નિષેધ અધિનિયમનો ઉપયોગ કરી ફરજિયાત કરાયેલા લગ્નમાંથી છૂટકારો પણ મેળવી શકતી નથી. આ બંને કાયદા માતા-પિતાના નિયંત્રણ તથા નૈતિકતા માટે વપરાય છે. કાયદો વધુમાં વધુ લગ્ન રોકવા કે ટાળવામાં મદદ કરી શકે છે. તે છોકરીને સુરક્ષિત વાતાવરણ, વ્યવસાય અને અધિકારપૂર્વકનું સંપૂર્ણ ભવિષ્ય આપી શકતો નથી. ફરિયાદ દાખલ કરાય તો છોકરીના માતા-પિતાની ધરપકડ અનિવાર્ય છે. છોકરીને શેલ્ટર હોમમાં મોકલાય છે. પરિવાર વિખેરાઈ જાય છે અને બાકીના બાળકોની દેખભાળ થતી નથી. આથી છોકરીને આ આઘાત અથવા તો પરિવારની સામાજિક અસ્થિરતા હેરાન કરે છે. લગ્ન રદ કરવાથી સામાજિક, આર્થિક અને કાયદાની અસલિયત બદલાઈ શકતી નથી. સંયુક્તરાષ્ટ્રની બાળ અધિકાર સંધિ હેઠળ 18થી ઓછી વયની વ્યક્તિ બાળક ગણાય છે. પણ તેના અધિકાર સર્વોત્તમ હિત અને વધતી ક્ષમતાઓ દ્વારા નક્કી થવા જોઈએ. પોતાના નિર્ણય જાતે લેવાની ક્ષમતા અને અધિકારોની સુરક્ષા આપવી એ સરકાર અને સમાજની જવાબદારી છે. વધતી વયની સાથે બાળકો અને કિશોરોને યૌન શિક્ષણ અને પ્રજનનની યોગ્ય તથા સંપૂર્ણ જાણકારી કોઈપણ જાતના પૂર્વગ્રહ વિના અપાવવી જોઈએ. બાળવિવાહનો સંદર્ભ પેચીદો અને જટિલ છે. તેની સાથે સંકળાયેલા કાયદાને બદલવો જરૂરી છે. પણ આ પરિવર્તન માત્ર વય આધારિત લગ્ન અને તેના પર સજા દ્વારા લાવી શકાય નહીં. યુવાનોના હિતના કાયદા તેમના માનવાધિકાર અને ક્ષમતા પર કેન્દ્રિત હોવા જોઈએ જેથી ગરીબ છોકરીઓ અને છોકરાઓને પોતાના જીવન અને ભવિષ્ય પર નિયંત્રણ આપી શકે.